BAOU Education for All

# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)



## વંદે માતરમ્' સપ્તાહ : રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાન દ્વારા યુનિવર્સિટીઓના સહયોગથી 'વંદે માતરમ્'ની ગુજરાત યાત્રાનો પ્રારંભ

રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના સંકલન હેઠળ 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગુજરાતમાં "વંદે માતરમ્ સપ્તાહ"ની ઉજવણીનો પ્રારંભ થયો છે. આ ઐતિહાસિક અવસરે રાજ્યના છ મુખ્ય શહેરોની યુનિવર્સિટીઓના સહયોગથી વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. વંદે માતરમ્ સપ્તાહનો પ્રારંભ ૧૫ જુલાઈને મંગળવારે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદથી કરાયો હતો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ અમીબેન ઉપાધ્યાયે આ પ્રસંગે પ્રેરક ઉદ્બોધન કર્યું હતું અને ગુજરાત યાત્રા માટે શુભેચ્છા પાઠવી હતી. વંદે માતરમ, જે રાષ્ટ્રઋષિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે ૧૮૭૫માં રચ્યું હતું, એ માત્ર એક ગીત નથી. તે રાષ્ટ્રની ચેતના, સંસ્કૃતિ અને સર્વોત્કૃષ્ટ દિવ્ય સ્વરૂપ ભારતમાતાની ઊર્જાનું પ્રેરક પ્રતીક છે. આજના પ્રારંભિક કાર્યક્રમમાં પુણેના સંશોધક મિલિંદ સબનીસ અને તેમની ટીમ દ્વારા ઓડિયો-વિઝ્યુઅલ નાટ્યરૂપક દ્વારા વંદે માતરમની ઉત્પત્તિથી આજ સુધીની યાત્રા જીવંત કરાઈ હતી. સપ્તધનુષ કેન્દ્રના બાળકો દ્વારા "પૂર્ણ વંદે માતરમ્"નું ભાવપૂર્ણ પ્રદર્શન, જેમાં બાળહૃદયોથી ગાયન સાંભળીને સમગ્ર સભાવાતાવરણ રાષ્ટ્રપ્રેમથી છલકાયું હતું. રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ પ્રા. હર્ષદ યાજ્ઞિક અને મહામંત્રી શ્રુતિ પટેલે જણાવ્યું હતું કે "વંદે માતરમ માત્ર ભૂતકાળનો વારસો નથી; તે ભવિષ્યના ભારત માટે પ્રેરણાનું દીપક છે. વંદે માતરમ એ આદર્શ ભારત ૨૦૪૭ માટે માર્ગદર્શક ધ્રુવ તારક સમાન છે, જે આપણને એકતા, સમરસતા અને આધ્યાત્મિક રાષ્ટ્ર ચેતના તરફ દોરી જાય છે." "રાષ્ટ્રધર્મઃ પરમોધર્મઃ" ના સૂત્ર સાથે આ યાત્રા સમગ્ર ગુજરાતમાં રાષ્ટ્રીય ચેતનાનો અસ્ખલિત પ્રવાહ વહાવશે અને ઉજ્જવળ ભવિષ્યની પેઢી માટે નવી પેઢીને સંકલ્પબદ્ધ કરશે. **નવગુજરાત** સમય

નવગુજરાત "અમદાવાદ આવૃત્તિ" પેજ નં:10 તારીખ : 16/07/2025

Scanned with OKEN Scanner